રાજકોટના મહે. ૯ મા એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબના કોર્ટ, રાજકોટ.

ફોજદારી કેસ નં. ૧૯૭૮૬/૨૦૧૭
આંક– ........................

શ્રી સરકાર .....ફરીયાદી

વિરૂધ્ધ

જગદિશ પરષોત્તમ પટેલ ...... આરોપી

**આરોપ :– એમ. વી. એકટ ૧૮૫**

:: <u>ઠરાવ</u> ::

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ બનાવના દિવસે પોતાના કબજા વાળુ વાહન કેફી પ્રવાહી પીધેલ હાલતમાં ડ્રાઈવીંગ કરતા મળી આવી એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છું. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર, તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજુઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા **અને નામદાર** ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું મને વ્યાજબી અને ન્યાયીક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ એમ.વી.એકટ કલમ–૧૮૫ના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પૂરા પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ –૩૦ (ત્રીસ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલનો વચગાળાનો હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખઃ– ૨૨/૦૪/૨૦૧૮

(જે. ડી. સોલંકી)
૯ મા ચીફ જ્યુડી. મેજી.
રાજકોટ